# ડીસા ચંદ્રલોક રોડ પરના દબાણો દુર કરવા ઝુંબેશ

## ચંદ્રલોક રોડ પરના તમામ દબાણો દુર કર્યા બાદ જ રોડ બનાવવાની કામગીરી હાથ ધરાશે

ડીસા, તા. ૨૧

ડીસા નગરપાલિકા દ્વારા મુખ્ય માર્ગો નવિનીકરણ માટેની કામગીરી



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત શહેરના મોટા ભાગના રોડ પર થયેલા કાચા તેમજ પાકા દબાણો હટાવવાની કામગીરી નગરપાલિકા દ્વારા શરૂ કરવામાં કરવામાં આવી હતી. જેમાં દબાણદારોના વિરોધ વચ્ચે નગરપાલિકાએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે નગરપાલિકાના કર્મચારીઓને ચંદ્રલોક રોડ પરના દબાણો હટાવવાનું શરૂ કર્યું હતું.

ડીસા શહેરમાં મુખ્યમાર્ગોના નવિનીકરણ અંતર્ગત તમામ માર્ગોની તાપણી કર્યા બાદ મંગળવારે સવારે ૧૦ વાગ્યાથી રોડ પરના દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં નગરપાલિકા ટીમે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે જી.સી.બી. મશીન દ્વારા ચંદ્રલોક રોડ પરના દબાણો દુર કરવાનું શરૂ કર્યું હતું. દબાણદારોએ કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા વગર દબાણો હટાવવાનું નગરપાલિકાએ શરૂ કર્યું હોવાના આક્ષેપો વચ્ચે પાલિકાની ટીમે દબાણો દુર કરવાની કામગીરી શરૂ કરી હતી. આ અંગે ડીસા નગરપાલિકા ચીફ ઓફીસર હેમંતભાઈ પટેલ જણાવ્યું હતું કે ડીસા શહેરના તમામ માર્ગોના નવિનીકરણ અંતર્ગત દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં નગરપાલિકાની ટીમે પહેલા રોડની માપણી કરી રોડ પર થયેલા તમામ પ્રકારના દબાણદારોને નોટીશો આપવામાં આવી હતી અને બે દિવસમાં જ દબાણો સ્વેચ્છાએ દુર કરવા માટેની નોટીશ આપ્યા બાદ આજે સવારથી જ અમે દબાણ હટાવો ઝુબેશ હાથ ધરી છે. જેમાં કોઈપણ પ્રકારની સેહશરમ રાખ્યા વગર રોડ પર થયેલા દબાણો દુર કર્યા બાદ રોડ બનાવવાની કામગીરી શરૂ કરાશે.

# ધાનેરા પાલિકા દ્વારા બીલ ન ભરતા બોરનું કનેક્શન કપાયું

## પાલિકા દ્વારા ૮૦ લાખ વેરો વસુલ્યો તે ગયા ક્યાં...?

ધાનેરા, તા. ૨૧

બનાસકાંઠાના ધાનેરા નગરપાલિકા દ્વારા લાઈટ બીલ ન ભરતા વીજ કંપની દ્વારા પાલિકાના પાણીના બોરનું કનેક્શન કાપતા લોકોમાં ભારે રોષ પ્રગટ્યો છે. પાલિકાની નબળી કામગીરીના કારણે લોકોને મુશ્કેલી વેઠવી પડે તો નવાઈ નહિ.

જ્યારથી ધાનેરા નગરપાલિકાની સત્તા ભાજપના શિરે ગઈ છે ત્યારથી લોકોને વિવિધ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ક્યારેક ગંદકી તો ક્યારેક પાણી પરંતુ હવે તો ધાનેરાના લોકોને પીવાનું પાણી પણ બંધ થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. ધાનેરા નગરપાલિકા દ્વારા વીજ બીલ ન ભરતા વીજ કર્મચારીઓ દ્વારા આજે ધાનેરા વિશ્વકર્મા સોસાયટીમાં આવેલા પાણીના બોરનું વીજ કનેક્શન કાપી નાંખ્યું હતું. ત્યારે પાલિકાના જ સદસ્ય જણાવી રહ્યા છે કે ધાનેરામાં લોકોને ૧૦ ટકા લેશ આપીને ૮૦ લાખ જેટલો વેરો વસુલ કર્યો છે તો તે પૈસા લાઈટ બીલ અને પાણીના કનેક્શનના ભરવા જોઈએ ત્યારે આ પૈસા ગયા ક્યાં...?



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

આ બાબતે ટેલીફોનીક દ્વારા ધાનેરા વીજ કંપનીના અધિકારીને વાત કરતા તેમણે જણાવ્યું હતું કે પાલિકા પાસે વીજ બીલ પેટે રૂ. ૩૧ લાખ ૯૬ હજાર ૪૦૦ બાકી નીકળે છે અને તે ન ભરતા એક બોરનું કનેક્શન કાપી તેમને નોટીસ આપી છે કે જો હવે પૈસા નહિ ભરો તો બધાજ કનેક્શન કાપી નાખવામાં આવશે જો વીજ તંત્ર દ્વારા ધાનેરાના કનેક્શન કાપવામાં આવે તો લોકોની મુશ્કેલીમાં વધારો થઈ જાય હવે જોવાનું એ રહે છે કે પાલિકા દ્વારા વીજ બીલ ભરાય છે કે પછી બધાજ કનેક્શન કપાય છે અને ધાનેરા અંધારપટમાં ફેરવાય છે તે તો આવનારો સમય જ બતાવશે.

## ગોતા તથા ગોતા કંપાના રહીશોને મહેસૂલી રેકર્ડના કામે ધરમધક્કા...

**બંને ગામોનો ખેડબ્રહ્મા બાદ વડાલી અને બાદ પુનઃ ખેડબ્રહ્મા તાલુકામાં સમાવેશ કરાતા રેકર્ડ તબદીલ ન થતા લોકો પરેશાન**

ખેડબ્રહ્મા તાલુકાના ગોતા અને ગોતા કંપાના રહીશો છેલ્લા ઘણા સમયથી સરકારી રેકર્ડ અને કામો કરાવવા માટે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ બંને ગામ પહેલા ખેડબ્રહ્મા તાલુકામાં હતા બાદ વડાલી તાલુકામાં સમાવેશ કરાયો હતો. વળી છેલ્લા છ માસથી પુનઃ ખેડબ્રહ્મા તાલુકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંગેની જાહેરાત સરકારી ધોરણે વિધિવત કરવામાં આવી છે. જેથી લોકો મહેસૂલી રેકર્ડ તથા અન્ય કામો માટે ખેડબ્રહ્મા જતા ધરમના ધક્કા થાય છે કારણ કે રેકર્ડ ખેડબ્રહ્મા તબદીલ ન થતા લોકોને વડાલી જવાની ફરજ પડે છે. પણ વડાલીથી પણ ખેડબ્રહ્મા જવાનો જવાબ મળે છે તેથી આ બંને ગામોનું રેકર્ડ સત્વરે ખેડબ્રહ્મા તબદીલ કરવામાં આવે તેવી લોક માંગણી ઉઠવા પામી છે.

# રસુલપુર નજીક અજાણ્યા વાહનની ટક્કરે રાહદારીનું મોત

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર મોડાસાથી ૭ કિલોમીટરના અંતરે આવેલા રસુલપુર-નેસડા ગામ નજીક સોમવારે રાત્રીના સમયે પસાર થઈ રહેલા રાહદારીને અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતાં રાહદારીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માત અંગેની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રવિ બારોટને થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ અકસ્માતમાં મોત નિપજાવવાનો ગુન્હો નોંધી અજાણ્યા વાહનચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોડાસા તાલુકાના રસુલપુર-નેસડા ગામ નજીક સોમવારે રાત્રીના સમયે અજાણ્યા વાહનચાલકે રાહદારીને અડફેટે લેતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. શેરાપુર કંપા ગામના નારાયણભાઈ રામાભાઈ રબારી (મૂળ રહે. આડેસર, તા. રાપર, જી. કચ્છ) શેરાપુર કંપામાં રહી પશુપાલનના વ્યવસાય સાથે પશુઓની લે-વેચનો ધંધો કરતા હતા. સોસમવારે રાત્રીના સમયે વેપાર



(તસવીર : જય અમીન, મોડાસા)

કરેલા પશુઓના રૂપિયાની ઉઘરાણી કરી રસુલપુર નેસડા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતાં નારાયણભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી રાહદારીનું મોત નિપજાવી ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગેની જાણ મૃતકના પરિવારજનોને પહોંચતા તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માત અંગેની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રવિભાઈ બારોટને થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા રૂરલ પોલીસે મૃતકના સંબંધી લક્ષ્મણભાઈ રામાભાઈ રબારી (રહે. શેરાપુરા કંપા)ની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર વાહનચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનેરામાં પાલિકા સામે દાદાગીરી કરી બનાવ્યું શોપિંગ

## તંત્ર સામે દાદાગીરી કરનારનું પાલિકા દ્વારા શોપિંગ તોડી પડાય તેવી લોક માંગ : પાલિકા દ્વારા કામ અટકાવવાની નોટીસનો કર્યો ઈનકાર : પાલિકાની આબરૂના ધજીયા

ધાનેરા, તા.૨૧

બનાસકાંઠાના ધાનેરામાં આ કોણ યુવક છે જે દાદાગીરી કરી



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

બનાવી રહ્યો છે શોપીંગ કે જેને નોટીસ આપવા છતાં તેણે નોટીસ ન સ્વીકારી પાલિકાની આબરૂના ધજીયા ઉડાવ્યા છતાં પાલિકા દ્વારા તેની સામે કેમ કોઈ કાર્યવાહી નથી થતી જેથી આ માથાભારે યુવકે દાદાગીરી કરી બનાવેલા શોપિંગને સરકારી તોડી પાડવું જોઈએ અને ઈંટનો જવાબ પત્થર દ્વારા આપવો જોઈએ.

બનાસકાંઠાના ધાનેરામાં શૈલેશભાઈ નગીનદાસ શાહ દ્વારા શોપીંગ બનાવવા માટે મંજુરી માંગવામાં આવી હતી અને સરકારશ્રી દ્વારા તેને વિવિધ શરતોને આધીન મંજુરી પણ આપવામાં આવી હતી તેણે શોપિંગનું કામ ચાલુ કર્યું પરંતુ આ કામ નિયમોને આધીન ન થતું હોવાથી મીડિયા દ્વારા તેનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો જેથી પાલિકા દ્વારા આ યુવકને કામ બંધ કરવા માટે નોટીસ આપવામાં આવતા આ યુવકે નોટીસ સ્વીકારવાનો ઈન્કાર કરી પાલિકાની આબરૂના ધજીયા ઉડાવ્યા હતા છતાં પણ પાલિકા દ્વારા આ યુવક સામે આજ દિવસ સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી અને આ યુવકે બિન્દાસથી કામ ચાલુ રાખેલ છે. આજે મિડીયાની ટીમ તેવું કવરેજ કરવા જતા આ માથાભારે યુવકે દાદાગીરી કરી હતી.



આ માટે જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે અને ગુજરાત હાઈકોર્ટમાં કેસ પણ દાખલ કરવામાં આવ્યો છે છતાં પણ આ યુવક પોતાનું કામ બંધ નથી કરતો માટે આ યુવક પોતાની જાતને સમજે છે શું કે પછી આમાં રોઈ રાજકારણીનો હાથ છે. તેથી હવે એ જોવાનું રહે છે કે તંત્ર કયારે આ યુવકને ઈંટનો જવાબ પત્થરથી આપે છે તે તો આવનારો સમય જ બતાવશે.

# મધ્યાહ્ન ભોજનના કર્મીઓને લઘુત્તમ વેતન ચૂકવો

મોડાસા, તા. ૨૧

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ચાલતા મધ્યાહન ભોજન કેન્દ્રોમાં કામ કરતા રસોઈયા, મદદનીશ અને સંચાલકોનું સરકાર દ્વારા લઘુત્તમ વેતન નહીં આપી આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું છે. જેની સામે અરવલ્લી જિલ્લા મધ્યાહન ભોજન યોજના સંચાલક મંડળમાં કચવાટ ફેલાયો અને હવે આંદોલનની તૈયારીઓ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લાના ૧૨૦૦ મધ્યાહન ભોજન કેન્દ્રો પરથી પ્રતિદિન ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને ભોજન પુરૂ પડાય છે. પરંતુ યોજનામાં રોકાયેલા રસોઈયા, મદદનીશ અને ઓર્ગેનાઈઝરને શાળાના વિદ્યાર્થી દીઠ વેતન પુરૂ પડાય છે. જિલ્લા સંચાલક મંડળના પ્રમુખ શૈતાનસિંહ પુજારાના જણાવ્યા મુજબ, ગ્રામ્યકક્ષાએ ૧ થી ૨૫ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી શાળામાં રસોઈયાને માસિક માત્ર રૂ. ૪૦૦, મદદગારને રૂ. ૨૦૦ અને સંચાલકને રૂ. ૧ હજાર પગાર ચુકવાય છે. જ્યારે ૨૫ થી વધુ સંખ્યાવાળી શાળામાં સંચાલક અને રસોઈયાને રૂ. એક-એક હજાર, જ્યારે હેલ્પરને રૂ. ૪૦૦ પગાર ચુકવાય છે. શહેરી કક્ષાની શાળાઓમાં પગાર થોડોક વધુ ચુકવાય છે. પરંતુ શ્રમ વિભાગ દ્વારા જાહેર કરાયેલા લઘુત્તમ વેતનથી તો સાવ ઓછો. સરકાર તેના દ્વારા જાહેર કરાતા લઘુત્તમ વેતનનું પાલન સરકારી યોજનામાં નહી લાગુ પાડી અન્યાય કરે છે. મધ્યાહન ભોજન યોજનાના કર્મીઓના થતાં શોષણ સામે આગામી દિવસોમાં લડત આપવા કાર્યક્રમ યોજાનાર હોવાનું એસો.ના સૂત્રોએ જણાયું હતુ.

## શોષણ અટકાવી યોગ્ય વેતન ચૂકવવાની માંગ ઉગ્ર બનાવીશુ

મોડાસા તાલુકાના મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલકના જણાવ્યા મુજબ ડિસેમ્બર-૨૦૧૪માં શ્રમ આયુક્ત વિભાગ દ્વારા પ્રતિદિન લઘુત્તમ વેતન રૂ. ૧૬૮ જાહેર કરાયું છે. પરંતુ કેન્દ્રમાં સેવા આપતાં રસોઈયા, મદદગાર કે સંચાલકની સેવાને માનદ સેવા ગણાવી યોગ્ય વેતન ચૂકવાતું નથી.

## નીતિ નિયમો મુજબ વેતન ચુકવાય છે

જિલ્લા મધ્યાહન ભોજન યોજનાના નયાબ કલેક્ટર રીટાબેન પંડ્યાના જણાવ્યા મુજબ મધ્યાહન ભોજન યોજનામાં રોકાયેલા રસોઈયા, સંચાલક અને હેલ્પરને સરકાર દ્વારા ઠરાવેલ વિદ્યાર્થી સંખ્યાના નીતિ નિયમો પ્રમાણે વેતન ચુકવાય છે.

# ટીંટોઈ ગામે માતાએ પુત્ર સાથે ઝેરી દવા ગટગટાવી

## ઈદના તહેવારે પતિએ ફરવા જવાની ના પાડતા પત્નીએ આ પગલુ ભર્યું : ઝેરી દવા પી લેતા માતાનું મોત-બાળકની હાલત ગંભીર

મોડાસા, તા.૨૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે એક મુસ્લિમ સમાજની મહિલાએ રમઝાન ઈદનો ત્યૌહાર હોવાથી પોતાના પતિને બાળક સાથે બહારગામ ફરવા જવાનું કહેતા પતિએ ના પાડતા મહિલાના મનમાં લાગી આવતા સોમવારે રાત્રીના સમયે પોતાના વ્હાલ સોયા બાળકને ઝેરી દવા પીવડાવી મહિલાએ પોતે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લેતા અરવલ્લી જિલ્લાના લઘુમતિ સમાજમાં અને ટીંટોઈ પંથકમાં હાહાકાર મચી ગયો છે જયારે બાળકની હાલત ગંભીર જણાતા અમદાવાદની ખાનગી હોસ્પિલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. મોડાસા રૂરલ પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામમાં લઘુમતિ સમાજની મહિલાએ ફરવા જેવી સામાન્ય નજીવી બાબતમાં ઝેરી દવા ગટગટાવી જઈ આત્મહત્યા કરી લેતાં ટીંટોઈ પંથકમાં ચકચાર મચી છે. ટીંટોઈ ગામમાં રહેતા રફીકભાઈ લાલાભાઈ ટીંટોઈયાની પત્નિએ રમઝાન ઈદનો ત્યૌહાર હોવાથી સોમવારના રોજ રફીકભાઈને સલમાખાતુન બેન (ઉ.વ.૩૦) પોતાના બાળક સાથે બહાર ફરવા જવાનું કહેતા રફીકભાઈએ ના પાડતા મહિલાના મનમાં એકાએક લાગી આવતા આ અંગે મહિલાએ સોમવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ પોતાના ઘરમાં પડેલી ઝેરી દવા પોતાના બાળક અર્શદ રફીકભાઈ ટીંટોટીયા (ઉ.વ.૨) ને પીવડાવી મહિલાએ વખ ઘોળી મોતને વહાલું કર્યું હતું. ઝેરી દવા પીતા બાળકની શારિરીક તબીયત લથડતાં આ અંગેની જાણ મહિલાના પતિને થતાં તાત્કાલીક બાળકને અમદાવાદ ખાતેની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે જયાં બાળકની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના અંગે મોડાસા રૂરલ પોલીસને જાણ છતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મહિલા સામે આત્મહત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અરવલ્લીમાં આર.આર. સેલના બે સ્થળોએ દરોડા

અરવલ્લી જિલ્લામાં ગાંધીનગર આર.આર. સેલે બે સ્થળોએ દરોડો પાડી જુગાર અને દારૂના કેસો કર્યા હતા. પોલસે તમામ મુદ્દામાલ કબજે કરી આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. અરવલ્લીના માલપુર ખાતે ગાંધીનગર આર.આર. સેલની ટીમે બાતમીના આધારે દરોડો પાડી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે રૂ. ૧૨૬૦૦નો મુદ્દામાલ કબજે કરી બે આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કર્યા બતા.

# નાની ઈસરોલ પ્રાથમિક શાળાના શિક્ષકોની કામગીરી અંગે તપાસનું ફરીવાર નાટક

મોડાસા, તા. ૨૧

મોડાસા તાલુકાની નાની ઈસરોલ પ્રાથમિક શાળામાં અભ્યાસ અર્થે આવતાં વિદ્યાર્થીઓ પાસે શાળાના શિક્ષકો વાસણ માંજવાથી માંડી અન્ય ટાંપા-ટૈયા કરાવતા હોવાની ફરિયાદ અગાઉ ઉઠી હતી. ગ્રામજનો દ્વારા પ્રશ્ને કરાયેલી ઉગ્ર રજૂઆત બાદ શિક્ષકો વિરૂદ્ધ તપાસ સોંપાઈ હોવા છતાં યોગ્ય કાર્યવાહી હાથ નહીં ધરાતાં જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા દ્વારા શિક્ષણાધિકારીને લેખિત રજૂઆત કરાતાં વધુ એક તપાસ સોંપાતાં શિક્ષણ આલમમાં સન્નાટો છવાઈ ગયો હતો.

અરવલ્લી જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા અરૂણભાઈ પટેલ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પાઠવેલા પત્રમાં જણાવ્યા મુજબ, નાની ઈસરોલ પ્રાથમિક શાળાના શિક્ષકોની અનિયમિતતા અને કામગીરી બાબતે ગ્રામજનોએતા. ૨૮-૨-૨૦૧૫ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી હતી. પ્રકરણમાં શિક્ષણ વિભાગ દ્વારા આજદિન સુધીમાં શું પગલા ભરાયા, કયા પ્રકારની કામગીરી હાથ ધરાઈ તે અંગેની માહિતી સ્પષ્ટ કરવા જણાવ્યું છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.પી. ઝાલાના જણાવ્યા મુજબ, વિરોધપક્ષના નેતા અરૂણભાઈ પટેલનો પત્ર મળ્યો છે અને નાની ઈસરોલ પ્રાથમિક શાળાના શિક્ષકોના પ્રશ્ને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને તપાસ સોંપાઈ છે.

અગાઉની તપાસ રાજકીય દબાણમાં અટવાઈ ગઈ

નાની ઈસરોલ પ્રાથમિક શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ પાસે અભ્યાસ સિવાય વધારાનું શ્રમભર્યુ કામ કરાવતા હોવાની ફરિયાદ અગાઉ ગ્રામજનો દ્વારા ફોટા, વીડિયો રેકોર્ડિંગ સાથે કરાઈ હતી. જેના પગલે બે અધિકારીને તપાસ સોંપાઈ હતી. પરંતુ અધિકારીઓ અને શિક્ષકોની મીલીભગત અને રાજકીય પદાધિકારીઓના દબાણવશ તપાસ ટલ્લે ચડાવી દેવાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

## ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટે શાળામાં ગણવેશનું વિતરણ કર્યું

ધનસુરા સ્થિત સિનયિર સિટિઝન ટ્રસ્ટ દ્વારા શહેરની કન્યા શાળામાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને બાદમાં શાળાની જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓને ગણવેશ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ કોદરભાઈ પટેલ, વસંત મહેતા, ધીરૂભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા. શાળાના આચાર્યા દક્ષાબેને સ્વાગત વિધિ અને સુપરવાઈઝર પરમારે આભારવિધિ કરી હતી.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE


પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY





સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦